Shri S.M.Shah Law College ★ MEHSANA

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તારીખ ૨૦/૦૯/૨૦૨૫ના પત્ર ક્રમાંક કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૪૧૩-૧૫ના અન્વયે તારીખ ૧૪/૧૦/૨૦૨૫ ની સંદેશ/દિવ્ય ની જાહેરાત સંદર્ભે જુનિયર ક્લાર્ક વર્ગ - ૩ ની ૧ જગ્યા બિન અનામત (OPEN) અને સિનિયર ક્લાર્ક વર્ગ - ૩ ની ૧ જગ્યા બિન અનામત (OPEN) ની જગ્યા ભરવા માટેની ભાગ-૧ ની કોમન પ્રાથમિક લેખિત પરીક્ષા તારીખ ૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ પરીક્ષા આપનાર ઉમેદવારોને શરતી પ્રવેશ આપવામાં આવેલ છે. ત્યારબાદ મુખ્ય લેખિત પરીક્ષા માટે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા માટેના જરૂરી પ્રમાણપત્રોની ખરાઈ જો સંતોષકારક નહીં હોય તો તેવા ઉમેદવારોને ભાગ - ૧ ની પરીક્ષા ની પસંદગી યાદીમાં હોવા છતાં બીજા તબક્કાની લેખિત મુખ્ય પરીક્ષા ભાગ-૨ માં તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**કોમ્પ્યુટરની જાણકારી:**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગના તારીખ ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તારીખ ૧૮/0૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨0૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈપણ તાલીમ ની સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટીફીકેટ કોર્સ કરેલા હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જોકે આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરના બેઝિક નોલેજ ની પરીક્ષા પાસ કર્યા નું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

કાર્યકારી આચાર્ય
શ્રી એસ.એમ.શાહ લૉ કોલેજ
મહેસાણા.